### નેશનલ હાઈવે-૪૮ પર ઈસુઝુ શો-રૂમ પાસે દરોડો, પાંચ આરોપી વોન્ટેડ

# છાણીમાં સ્ટેટ મોનિટરિંગ સેલનો સપાટો : ૫ લાખના દારૂ સાથે રૂ.૧૦.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત



(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરમાં દારૂની હેરાફેરી સામે સ્ટેટ મોનિટરિંગ સેલે કાર્યવાહી કરીને છાણી પોલીસ સ્ટેશનની હદમાંથી વિદેશી દારૂ અને બીયરની 1880 બોટલ ઝડપી પાડી છે. નેશનલ હાઈવે-48 પર GSFC નગરના ગેટ સામે આવેલા ઈસુઝુ શો-રૂમ પાસે પાડવામાં આવેલા દરોડામાં રૂ.5.02 લાખથી વધુ કિંમતનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વાહન સહિત કુલ રૂ.10.32 લાખનો મુદ્દામાલ કબજે કરી એક આરોપીને ઝડપી પાડ્યો છે, જ્યારે છ અન્ય આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. રાજ્યમાં ગેરકાયદે દારૂ અને જુગારની પ્રવૃત્તિઓને ડામવા મળેલી સૂચનાના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે વાસદથી વડોદરા તરફ આવતા નેશનલ હાઈવે-48 પર દરોડો પાડ્યો હતો. આ દરમિયાન ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરની કુલ 58 પેટીઓમાંથી 1880 બોટલ મળી આવી હતી. દારૂના જથ્થાની કિંમત રૂ.5.02 લાખ આંકવામાં આવી છે. દારૂ ઉપરાંત વાહન અને અન્ય મુદ્દામાલ મળી રૂ.10.32 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન સુનિલ કાભઈભાઈ પાટણવાડિયાને ઝડપી પાડવામાં આવ્યો હતો. તે વડોદરા જિલ્લાના પોર નજીક આવેલા અણખી ગામના ખડકી ફળિયામાં રહે છે. જ્યારે ભંગાળા કાનસીંગ સહિત છ શખસ ભંગાળા કાનસીં, સુનિલ પ્રવિણભાઈ પરમાર, રહે. ઓમકારપુરા, , જયેશ રતનભાઈ ઠાકોર, રહે. કલ્યાણપુરા, સાવલી,હિતેશ ઉર્ફે ડબ્બી રાજેન્દ્રસિંહ ગોહિલ, નરેશ દલપતભાઈ પરમાર અને રાકેશ રાઠવા ને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરાઈ છે.

# પ્રતાપનગર-જોબટ પેસેન્જર ટ્રેન હવે દેકાકુંડ સુધી દોડશે

**સ્થાનિક** મુસાફરોની માંગણી સ્વીકારાઈ,રતલામના સાંસદ અનિતા ચૌહાણ લીલી ઝંડી આપશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરા સહિત આદિવાસી પટ્ટાના મુસાફરો માટે રાહતના સમાચાર છે. પશ્ચિમ રેલવે દ્વારા પ્રતાપનગર-જોબટ વચ્ચે દોડતી પેસેન્જર ટ્રેન સેવાને દેકાકુંડ સુધી લંબાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્થાનિક મુસાફરોની લાંબા સમયની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નં. 59123/59124 પ્રતાપનગર-જોબટ પેસેન્જરનું વિસ્તરણ દેકાકુંડ સુધી કરવામાં આવી રહ્યું છે. આ વિસ્તરણનો શુભારંભ તા. 25 ઓક્ટોબર 2026 ના રોજ દેકાકુંડ રેલવે સ્ટેશન ખાતેથી કરવામાં આવશે. આ પ્રસંગે રતલામના સાંસદ અનિતા નાગરસિંહ ચૌહાણ ધારાસભ્ય સેના મહેશ પટેલની ઉપસ્થિતિમાં ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી ખેમરાજ મીના દ્વારા જણાવ્યા મુજબ, ટ્રેન નં. 59123 પ્રતાપનગર-દેકાકુંડ પેસેન્જર પ્રતાપનગરથી સવારે 09.05 કલાકે ઉપડી બપોરે 13.25 કલાકે દેકાકુંડ પહોંચશે. પરત ફરતી વખતે ટ્રેન નં. 59124 દેકાકુંડ-પ્રતાપનગર પેસેન્જર દેકાકુંડથી બપોરે 13.50 કલાકે ઉપડી સાંજે 18.05 કલાકે પ્રતાપનગર પહોંચશે. આ વિસ્તરણને પગલે સમયપત્રકમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે.

હવે ટ્રેન નં. 59123 જોબટ સ્ટેશને બપોરે 13.10 ના બદલે 12.56 કલાકે પહોંચી 12.58 કલાકે ઉપડશે. જ્યારે પરત ફરતી ટ્રેન નં. 59124 જોબટ સ્ટેશને 14.05 ના બદલે 14.02 કલાકે પહોંચી 14.04 કલાકે રવાના થશે.

### માર્ગો ખુલ્લા કરાવવા દબાણ શાખાનો કાફલો ત્રાટક્યો

# તહેવારો ટાણે જ પદ્માવતી શોપિંગ સેન્ટર અને ચાર દરવાજા વિસ્તારમાં દબાણનો સફાયો

**ગેરકાયદે** ખડકાયેલા લારી-ગલ્લા જમા લઈ કાયદેસરના પગલાં ભરાયા



(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા મહાનગરપાલિકાના વહીવટી વોર્ડ નંબર 14 હેઠળ આવતા અત્યંત વ્યસ્ત અને ધમધમતા વિસ્તારો એવા પદ્માવતી શોપિંગ સેન્ટર, લહેરીપુરા દરવાજા તેમજ માંડવી ચાર દરવાજા વિસ્તારમાં મહાનગરપાલિકાની દબાણ શાખા દ્વારા લારી-ગલ્લા અને ગેરકાયદેસર દબાણો સામે લાલ આંખ કરીને આક્રમક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં તહેવારોની મોસમ શરૂ થવાની હોવાથી શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકની ગંભીર સમસ્યા નિવારવા અને સામાન્ય નાગરિકોની અવરજવર સરળ બને તેવા હેતુથી તંત્ર દ્વારા આ સઘન અને કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન પાલિકાની દબાણ શાખાના કાફલાએ રસ્તા પર નડતરરૂપ અને ગેરકાયદેસર રીતે ખડકાયેલા લારી-ગલ્લા તેમજ અન્ય સામાન જમા લેવાની સખત કાર્યવાહી હાથ ધરી હતી, જેના પગલે ગેરકાયદે દબાણકર્તાઓમાં ભારે દોડધામ અને અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ખાસ કરીને પદ્માવતી શોપિંગ સેન્ટર ખાતે પાલિકાની ટીમ દ્વારા કડક પગલાં ભરવામાં આવ્યા હતા અને અંદાજે ત્રણ જેટલી લારીઓ જમા લઈ સ્થળ પર જ જરૂરી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરાઈ હતી. પાલિકાની આ અચાનક અને આક્રમક કાર્યવાહીને કારણે આસપાસના વેપારી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે, ત્યારે તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં ટ્રાફિક વ્યવસ્થા સુધારવા માટે આ પ્રકારની દબાણ વિરોધી ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે.

# રામકૃષ્ણ મિશન દ્વારા વિજ્ઞાનના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સહાય

**તેજસ્વી** અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ. 30,000ની શૈક્ષણિક સહાય



(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

રામકૃષ્ણ મિશન, વડોદરા દ્વારા ફેકલ્ટી ઑફ સાયન્સ, એમ.એસ. યુનિવર્સિટીના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા શિષ્યવૃત્તિ સહાય કાર્યક્રમ યોજાયો હતો. અલકાપુરી સ્થિત આશ્રમ ખાતે 23 ઑક્ટોબર, 2026ના રોજ યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન દર વર્ષે રૂ. 30,000ની શૈક્ષણિક સહાય આપવાની પહેલ અંતર્ગત ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ફેકલ્ટી ઑફ સાયન્સના ડીન પ્રો. વિપુલ કલામકર સહિત વિવિધ વિભાગોના હેડ ઑફ ડિપાર્ટમેન્ટ ઉપસ્થિત રહ્યા હતા. રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ, વડોદરાના અધ્યક્ષ સ્વામી ઈષ્ટમાનંદજીએ વિદ્યાર્થીઓને આશીર્વચન આપતાં અભ્યાસમાં સફળતા મેળવવાની સાથે સર્વાંગી વિકાસ થાય તેવા સંસ્કારો કેળવવા પ્રેરણા આપી હતી.

આ શૈક્ષણિક સહાય પ્રોજેક્ટ માટે સ્વ. કૃપા દાસગુપ્તાના ભાઈ શ્રી શાંતનુ દાસગુપ્તાએ આર્થિક સહયોગ આપ્યો છે. સ્વ. કૃપા દાસગુપ્તાનાં બહેન શ્રીમતી તુલતુલ ઠાકુરે પણ તેમના સ્મરણમાં સૌને ભાવવિભોર કર્યા હતા.

કાર્યક્રમમાં ટાગોર ફાઉન્ડેશન, વડોદરા તરફથી સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અશોક ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી ચૂનીલાલ ચેટર્જીએ કર્યું હતું.

### ઝીબ્રા ક્રોસિંગ અને થર્મોપ્લાસ્ટિક પેઇન્ટિંગના કામમાં ગેરરીતિની આશંકા

# શહેરના રસ્તાઓ પરથી સફેદ-પીળા પટ્ટા ગાયબ, કોન્ટ્રાક્ટની કામગીરી સામે સવાલો

**સામાજિક** કાર્યકરે ઉચ્ચસ્તરીય તપાસની માગ કરી



(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા મહાનગરપાલિકા દ્વારા માર્ગ અકસ્માતો અટકાવવા અને નાગરિકોની સુરક્ષા માટે રસ્તાઓ પર ઝીબ્રા ક્રોસિંગ તેમજ સફેદ-પીળા પટ્ટા દોરવાના કામ માટે લાખો-કરોડોના કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. જોકે, શહેરના અનેક વિસ્તારોમાં જરૂરી પટ્ટા જોવા મળતા ન હોવાના આક્ષેપ સાથે પાલિકાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. સામાજિક કાર્યકરની સ્થળ તપાસમાં અનેક માર્ગો પર પટ્ટાઓનો અભાવ જોવા મળ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

પરમારના જણાવ્યા મુજબ, રસ્તાઓ પર હોટ થર્મોપ્લાસ્ટિક પેઇન્ટિંગની કામગીરી યોગ્ય રીતે થઈ છે કે નહીં તેની તપાસ થવી જરૂરી છે. કેટલીક જગ્યાએ કામગીરી પૂર્ણ દર્શાવીને બિલો ચૂકવાયા હોવાની આશંકા પણ તેમણે વ્યક્ત કરી છે. જોકે, આ અંગે સત્તાવાર તપાસ કે ગેરરીતિની પુષ્ટિ થઈ હોવાનું સામે આવ્યું નથી.

તેમણે આક્ષેપ કર્યો હતો કે મંત્રીઓ કે અન્ય મહાનુભાવોની મુલાકાત વખતે રસ્તાઓને ચમકાવવા માટે તંત્ર સક્રિય બને છે, પરંતુ સામાન્ય નાગરિકોની સુરક્ષા માટે જરૂરી કામગીરીમાં બેદરકારી રાખવામાં આવે છે. શહેરના અનેક વિસ્તારોમાં સ્પીડ બ્રેકર પર સફેદ કે પીળા પટ્ટા ન હોવાથી રાત્રિના સમયે વાહનચાલકોને મુશ્કેલી પડે છે અને અકસ્માતનું જોખમ વધે છે.

રસ્તા પરના સ્પીડ બ્રેકર, ઝીબ્રા ક્રોસિંગ અને માર્ગદર્શક પટ્ટા વાહનચાલકોને સાવચેત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેથી આવી કામગીરીમાં ગુણવત્તા અને નિયમિત જાળવણી જરૂરી છે.

સામાજિક કાર્યકર કમલેશ પરમાર વડોદરા શહેરના તમામ વિસ્તારોમાં થયેલી અને કાગળ પર દર્શાવાયેલી થર્મોપ્લાસ્ટિક પેઇન્ટિંગની કામગીરીની ઉચ્ચસ્તરીય તથા નિષ્પક્ષ તપાસ કરવાની માગ કરી છે. તપાસમાં ગેરરીતિ સાબિત થાય તો જવાબદાર કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવા, કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા અને નિયમ મુજબ નાણાંની વસૂલાત કરવા તેમણે રજૂઆત કરી છે. હવે પાલિકા તંત્ર આ ફરિયાદ અંગે શું પગલાં લે છે તેના પર સૌની નજર છે.

# વડોદરામાં સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે અદ્યતન ટ્રોમા યુનિટનો પ્રારંભ




**ગોલ્ડન** અવર દરમિયાન ગંભીર ઇજાગ્રસ્તોને સંકલિત સારવાર પૂરી પાડવા નવી સુવિધા શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા અને આસપાસના જિલ્લાઓમાં કટોકટીની સારવાર વધુ સુલભ બનાવવા સ્ટર્લિંગ હોસ્પિટલ્સની રેસકોર્સ રોડ ફેસિલિટી ખાતે અદ્યતન ટ્રોમા યુનિટનો પ્રારંભ કરાયો છે. વડોદરાના પોલીસ કમિશનર નરસિંહ કોમરના હસ્તે ઉદ્ઘાટન કરાયેલા આ યુનિટમાં ઈમરજન્સી મેડિસિન, ટ્રોમા સર્જરી, નિદાન અને ક્રિટિકલ કેર સેવાઓને એકસાથે જોડવામાં આવી છે.

જાન્યુઆરીથી ઓગસ્ટ 2026 દરમિયાન વડોદરામાં માર્ગ અકસ્માતને લગતી ઈજાઓના 8,883 કેસ નોંધાયા હતા, જ્યારે ગુજરાતમાં આ આંકડો 1.45 લાખથી વધુ રહ્યો હતો. ગંભીર ઈજાઓમાં સમયસર સારવારનું મહત્ત્વ ધ્યાનમાં રાખીને યુનિટમાં સમર્પિત રિસસિટેશન એરિયા, ચોવીસ કલાક સર્જિકલ સેવાઓ, ઝડપી ઈમેજિંગ, અદ્યતન સઘન સંભાળ અને એડવાન્સ્ડ લાઈફ સપોર્ટ એમ્બ્યુલન્સની સુવિધા ઉપલબ્ધ કરાશે.

હોસ્પિટલના ફેસિલિટી ડિરેક્ટર ડૉ. અજિત ઝા અને મેનેજિંગ ડિરેક્ટર તથા સીઈઓ સંતોષ મરાઠેએ જણાવ્યું હતું કે, આ પહેલથી ગંભીર ઈજાઓમાં ઝડપી પ્રતિસાદ અને સમયસર સારવારની ક્ષમતા મજબૂત બનશે. આ સુવિધા વડોદરા સહિત આસપાસના જિલ્લાઓના દર્દીઓ માટે ઉપયોગી બનશે.

### દેશનાં ચાર રાજ્યોની ૧૦૦થી વધુ ટીમો વચ્ચે 'SOLVE ૨૦૨૬' સ્પર્ધા

# સમાજકાર્યના વિદ્યાર્થીઓના રાષ્ટ્રીય મંચ 'SOLVE ૨૦૨૬'માં MSU વિજેતા

**વિજેતા** ટીમોના સામાજિક પ્રોજેક્ટ્સને વાસ્તવિક જમીની સ્તરે અમલમાં મૂકવા CSR નિષ્ણાતો આપશે તાલીમ




(પ્રતિનિધિ) વડોદરા તા.24

એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે હેકાથોન અને મેનેજમેન્ટ માટે કેસ કોમ્પિટિશન હોય છે, તેવી જ રીતે સમાજકાર્યના વિદ્યાર્થીઓ માટે 'ફલક્રમ - કેપિટલાઈઝિંગ CSR' દ્વારા શરૂ કરાયેલી દેશની પ્રથમ અને એકમાત્ર 'SOLVE' સ્પર્ધાની દ્વિતીય આવૃત્તિ શાનદાર સફળતા સાથે સંપન્ન થઈ છે. વડોદરાની ગ્રાન્ડ મર્ક્યુર હોટેલ ખાતે યોજાયેલી આ સ્પર્ધાની ગ્રાન્ડ ફિનાલેમાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ સોશિયલ વર્કની ટીમ 'અક્ષર યાત્રા' વિજેતા બની હતી. ગયા વર્ષે માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત રહેલી આ સ્પર્ધાનો વ્યાપ આ વર્ષે વધારીને પશ્ચિમ ભારતનાં ચાર રાજ્યો (ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ) સુધી કરવામાં આવ્યો હતો. આ ૧૫ શહેરોની ૧૬ MSW શૈક્ષણિક સંસ્થાઓમાંથી ૧૦૦ થી વધુ ટીમોએ આ સ્પર્ધામાં નોંધણી કરાઈ હતી, જેમાંથી અંતે પસંદ થયેલી ૧૯ ટીમોએ ગ્રાન્ડ ફિનાલેમાં પોતાના પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. 'ફાર્મસન ગ્રુપ'ના સહયોગથી યોજાયેલી આ સ્પર્ધામાં નવ અલગ-અલગ વિષયો પર સામાજિક સમસ્યાઓના નવીન ઉકેલો રજૂ થયા હતા.સ્પર્ધામાં વિજેતા બનેલી ટીમોની વિગતો જોઈએ તો, સમાજકાર્ય ફેકલ્ટીની વિજેતા ટીમ 'અક્ષર યાત્રા' દ્વારા 'કેન ટ્રેઈલ : લર્નિંગ ધેટ ટ્રાવેલ્સ વિથ ધ ચાઈલ્ડ' નામનો પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યો હતો. રોજગારી માટે સ્થળાંતર કરતા પરિવારોનાં બાળકોનું શિક્ષણ ન બગડે અને તેમનો અભ્યાસ સતત ચાલુ રહે તે આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ ઉત્કૃષ્ટ પ્રોજેક્ટ માટે ટીમને ૨,૦૦,૦૦૦નું રોકડ ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. જ્યારે ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સિસની ટીમ 'સુનો-દેખો' (અર્જુન ટી, અમન સિંઘ, ભરત હરીકુમાર પી) પ્રથમ રનર-અપ રહી હતી. આ ટીમ દ્વારા 'મુદ્રાAI : લેંગ્વેજ ઈન મોશન' નામનો પ્રોજેક્ટ રજૂ કરાયો હતો, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેક્નોલોજી દ્વારા ભાષાકીય અવરોધોનો સામનો કરતા લોકો માટે સંવાદ સરળ બનાવવાનો અભિગમ અપનાવાયો હતો. આ ટીમને ૫૦,૦૦૦નું રોકડ ઈનામ મળ્યું હતું.

# સોમાતળાવ હત્યા કેસમાં કપુરાઈ પોલીસ આરોપીઓને રાજસ્થાન - લુણાવાડા લઈ ગઈ

**તમામ** આરોપીઓના મોબાઈલની કોલ ડિટેઈલ્સ મેળવવા કવાયત

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરના સોમાતળાવ ચાર રસ્તા પાસે આવેલા સ્વાગત પાર્ટી પ્લોટની બહાર નવરાત્રિ દરમિયાન નિલેશ વણઝારાની ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરવાના ચકચારી કેસમાં એલસીબી ઝોન-3 અને કપુરાઈ પોલીસની ટીમે ચાર આરોપીઓને ઝડપી પાડી હત્યાનો ભેદ ઉકેલ્યો હતો. જૂની અદાવતનો બદલો લેવા માટે હત્યાનું કાવતરું રચાયું હતું અને પુનમ અમરસિંહ વણઝારાને રૂ.30 લાખ રોકડા તથા બે મકાન આપવાની લાલચ અપાઈ હોવાનો પોલીસ તપાસમાં ખુલાસો થયો છે.

આ કેસમાં ધરપકડ કરાયેલા પુનમ અમરસિંહ વણઝારા, વિક્રમ ગોરધનભાઈ વણઝારા, સતિષ ઉર્ફે ગલ્લો મોહનભાઈ દેવીપૂજક અને વિજયકુમાર ઉર્ફે વિજુ ઉર્ફે બ્રીજેશ દિનેશ વણઝારાને કોર્ટમાં રજૂ કરતાં પોલીસે આઠ દિવસના રિમાન્ડ માગ્યા હતા. જોકે, કોર્ટે પાંચ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા હતા.

રિમાન્ડ દરમિયાન કપુરાઈ પોલીસ આરોપીઓને રાજસ્થાન, લુણાવાડા અને મહીસાગર ખાતે તપાસ માટે લઈ ગઈ હતી. આ સ્થળોએ તપાસ પૂર્ણ કર્યા બાદ આરોપીઓને વડોદરા પરત લાવવામાં આવ્યા છે. બીજી તરફ, હત્યાના કાવતરામાં સામેલ વ્યક્તિઓ વચ્ચે થયેલી વાતચીત અને સંપર્કોની વિગતો મેળવવા આરોપીઓના મોબાઈલ ફોનની કોલ ડિટેઈલ્સ (CDR) કઢાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

પોલીસે 100થી વધુ સીસીટીવી કેમેરાનાં ફૂટેજ તપાસ્યા બાદ હત્યામાં વપરાયેલું ચપ્પુ પણ કબજે કર્યું છે. હવે પોલીસ ચપ્પુ ક્યાંથી અને કેટલા રૂપિયામાં ખરીદવામાં આવ્યું હતું, હત્યા માટે રૂ.30 લાખ અને બે મકાનની વ્યવસ્થા કોણ કરવાનું હતું તથા કાવતરામાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે સહિતના મુદ્દે તપાસ કરી રહી છે. રિમાન્ડ દરમિયાન હત્યા પાછળના સમગ્ર કાવતરાની વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

### કરજણ નજીક વાહનની અડફેટે દીપડાનું મોત

# કંડારી પાસે હાઈવે ઓળંગતી વખતે અજાણ્યા વાહને અડફેટે લેતા દિપડાનું કરૂણ મોત

**વનવિભાગે** મૃતદેહનો કબ્જો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૪

કરજણથી વડોદરા તરફ જતા નેશનલ હાઈવે-૪૮ પર વન્યજીવ સુરક્ષાને લઈને વધુ એક ચિંતાજનક કિસ્સો સામે આવ્યો છે. કરજણ નજીક આવેલા કંડારી ગામ પાસે પૂરપાટ ઝડપે દોડતા અજાણ્યા વાહનની અડફેટે આવી જવાથી એક દીપડાનું કરૂણ મોત નીપજ્યું છે. આ અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકોમાં ભારે કુતૂહલ અને વન વિભાગમાં દોડધામ મચી ગઈ હતી.

ગત રોજ જંગલ કે નજીકના વિસ્તારમાંથી ભટકાઈને આવેલો આ દીપડો નેશનલ હાઈવે-૪૮ પાર કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તે દરમિયાન હાઈવે પરથી પસાર થઈ રહેલા કોઈ અજાણ્યા અને ભારે ઝડપી વાહને તેને જોરદાર ટક્કર મારી હતી. વાહનની પ્રચંડ અડફેટે આવવાથી દીપડાને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક નાગરિકોએ વન વિભાગને જાણ કરી હતી. માહિતી મળતા જ કરજણ વન વિભાગની ટીમ તાત્કાલિક પોલીસ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી.


દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

CINU40102GJ2003SGC042909

રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા

ફોન નં.:૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઇલ: eeraj.dgvcl@gebmail.com

DGVCL

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર* ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી બોરડા | ૧૧ કેવી નાલ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૬.૧૦.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૨ | ૬૬ કેવી બોરડા | ૧૧ કેવી ગાયસવાર એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૬.૧૦.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૩ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી રોઝદેવ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૭.૧૦.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૪ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી નાના કાકડીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૭.૧૦.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૫ | ૬૬ કેવી પ્રતાપનગર | તમામ ફીડર | રાજપીપલા-૨ રાજપારડી | ૭૫૬૭૭૪૯૮૦૬ ૭૫૬૭૭૩૩૯૨૪ | ૨૭.૧૦.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૬ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી અલવા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૨૭.૧૦.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૭ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી ગંભીરપુરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૨૭.૧૦.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૮ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી કોલવાણ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૮.૧૦.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૯ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી જાવલી એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૮.૧૦.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૦ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી પાંચપીપળી જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૮.૧૦.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૧ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી ખોચરપાડા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૮.૧૦.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૨ | ૬૬ કેવી પોમલાપાડા | તમામ ફીડર | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૮.૧૦.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૩ | ૬૬ કેવી ચિકદા | તમામ ફીડર | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૨૯.૧૦.૨૦૨૬ (ગુરુવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૪ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી સેલંબા જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૯.૧૦.૨૦૨૬ (ગુરુવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૫ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી નરવાડી એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૯.૧૦.૨૦૨૬ (ગુરુવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૬ | ૬૬ કેવી ભચરવાડા | ૧૧ કેવી વરખડ એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૨૯.૧૦.૨૦૨૬ (ગુરુવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૭ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી સામોટ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૯.૧૦.૨૦૨૬ (ગુરુવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૮ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી દેવમોગરા જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૩૦.૧૦.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૧૯ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ગોળદા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૩૦.૧૦.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |

નોંધ: કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઈ પણ જાતની નોટીસ કે જાણ કાર્ય સિવાય વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધલેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.),દ.ગુ.વી.કં.લિ, વિભાગીય કચેરી,રાજપીપળા

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો


# અંકલેશ્વરમાં કન્ટેનર ઓવરબ્રિજ સાથે અથડાયું, ભાગ ક્ષતિગ્રસ્ત

**ઊંચાઈનો** અંદાજ ન રહેતાં અકસ્માત, સમારકામ માટે વાહનવ્યવહાર બંધ



(પ્રતિનિધિ) અંકલેશ્વર ,તા.24

નેશનલ હાઈવે-48 પર નિલેશ ચોકડી ઓવરબ્રિજ સાથે મધરાતે કન્ટેનર અથડાતાં બ્રિજનો ભાગ ક્ષતિગ્રસ્ત થયો હતો. સુરક્ષાને ધ્યાનમાં રાખીને બ્રિજ પર વાહનવ્યવહાર બંધ કરવામાં આવતાં અનેક વાહનચાલકો અટવાયા હતા.

મળતી માહિતી મુજબ, સુરતથી વડોદરા તરફ જઈ રહેલા કન્ટેનરના ચાલકને વાહનની ઊંચાઈનો અંદાજ ન રહેતાં કન્ટેનર ઓવરબ્રિજ સાથે અથડાયું હતું. આ ઘટનાને પગલે પ્રતિન ચોકડીથી જીઆઈડીસીને જોડતા માર્ગ પર ટ્રાફિકને અસર થઈ હતી.

ઘટનાની જાણ થતાં DPMC અંકલેશ્વર અને નોટિફાઈડ એરિયા ઓથોરિટીના કર્મચારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને બ્રિજનું નિરીક્ષણ કર્યું હતું. ચીફ ઓફિસર એન.એ. કુશવાહાએ જણાવ્યું હતું કે, મધરાતે કન્ટેનર અથડાતાં બ્રિજને નુકસાન થયું છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને વાહનવ્યવહાર બંધ કરાયો છે. તપાસના અહેવાલ અને સમારકામ બાદ બ્રિજ ફરી શરૂ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, નિલેશ ચોકડી ઓવરબ્રિજની ઊંચાઈ આશરે 4.5થી 5 મીટર છે. માર્ગના વારંવાર સમારકામથી રોડનું સ્તર ઊંચું આવતાં બ્રિજની ઉપલબ્ધ ઊંચાઈ ઘટી રહી હોવાની વાત સામે આવી છે. અગાઉ પણ આવી ઘટનાઓ બની ચૂકી હોવાથી બ્રિજની ઊંચાઈ અને વાહનચાલકોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે.

### અરજદારો અને અધિકારીઓ વચ્ચે ઘર્ષણ રોકવા ૪ સિક્યુરિટી ગાર્ડ તૈનાત

# વડોદરા મનપાની TP શાખામાં મહિલાની ફરિયાદ બાદ તંત્ર એક્શનમાં: પ્રવેશ પૂર્વે રજિસ્ટ્રેશન ફરજિયાત કરાયું

નવા CCTV કેમેરાથી પરિસર સજ્જ કરાયું



(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખામાં અગાઉ બનેલી એક મહિલા છેડતીની ફરિયાદની ગંભીર નોંધ લઈને તંત્ર દ્વારા આખરે સખત પગલાં લેવામાં આવ્યા છે. કચેરીમાં અરજદારો અને અધિકારીઓ વચ્ચે અવારનવાર થતા ઘર્ષણ તેમજ વિવાદોને રોકવા માટે હવેથી ટાઉન પ્લાનિંગ વિભાગમાં પ્રવેશ કરતા પહેલાં જ રજિસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય બનાવી દેવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કચેરી પરિસરમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને ચુસ્ત બનાવવા માટે ચાર જેટલા સુરક્ષા જવાનોને ખાસ તૈનાત કરવામાં આવ્યા છે. આ સિક્યુરિટી ટીમમાં હાલ બે મહિલા સિક્યુરિટી ગાર્ડ અને બે પુરુષ સિક્યુરિટી ગાર્ડની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત, સમગ્ર પરિસર પર બાજ નજર રાખવા માટે નવા સીસીટીવી કેમેરા પણ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે.

નવા નિયમો મુજબ, હવે કોઈપણ અરજદાર સીધા જ અધિકારીઓને મળી શકશે નહીં, પરંતુ અરજદારોની તમામ રજૂઆતો અને મુલાકાતો હવે સિક્યુરિટીની હાજરીમાં જ સાંભળવામાં આવશે. કચેરીમાં અગાઉ અનેક પ્રકારના ગંભીર અનુભવો થયા હોવાનું અને અધિકારીઓ પર લેખિત તેમજ મૌખિક આક્ષેપો થયા હોવાનું સામે આવ્યું છે.

આ અંગે તંત્રનું માનવું છે કે ભવિષ્યમાં આવી અપ્રિય ઘટનાઓ ન ઘટે, અધિકારીઓ કોઈપણ દબાણ વગર નિયમો મુજબ પોતાની કામગીરી સમયસર પાર પાડી શકે અને ખરેખર જે સાચા અરજદારો છે તેમની સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ આવી શકે તે માટે આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ નવા પગલાંથી બંને પક્ષો માટે કામકાજ સરળ બનશે અને કચેરીમાં શિસ્ત તથા પારદર્શિતા જળવાઈ રહેશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.